RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-10
October-2018
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# અમદાવાદ શહેરના સ્ત્રી સફાઈ કામદારના શિક્ષણ વિષેની સમજણનો અભ્યાસ

[1]પ્રા. ગોપાલભાઈ લકુમ, [2]પ્રા. ડો. નટુભાઈ વર્મા

*[1]સંશોધનકર્તા, સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ; ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ*
*[2]સંશોધન માર્ગદર્શક, સમાજશાસ્ત્ર વિભાગ, એલ. ડી. આર્ટસ કોલેજ અમદાવાદ; ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 10 October 2018

**Keywords**
સામાજિક અને સંસ્કૃતિક, હિન્દુ સમાજ

**ABSTRACT**

સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સામાજિક અને સંસ્કૃતિક પરિવર્તનના અભ્યાસનો એક મહત્વનો ભાગ ગણવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કોઈપણ સમાજ એવો નથી કે જે પરિવર્તનની પ્રક્રિયાથી અલિપ્ત હોય. જોકે દરેક સમાજની પરિવર્તનની પ્રક્રિયા એક સરખી ન હોય તે શક્ય છે. પરિવર્તનની માત્રા, ઝડપ(ગતિ), દિશા વગેરેમાં ફેરફાર હોય શકે પરંતુ પરિવર્તન આવ્યા વગર રહેતું નથી. સમાજની જુદી-જુદી રચનાઓ, શાખાઓ કે સંસ્થાઓમાં પણ પરિવર્તન આવે છે. તેવીજ રીતે જ્ઞાતિ વ્યવસ્થામાં પણ પરિવર્તન આવતું જોવા મળે છે.

ભારતીય સમાજ વિવિધ નાના-મોટા માનવ જૂથોમાં વહેંચાયેલો જોવા મળે છે. આવા માનવજૂથોને હિન્દુ સમાજમાં “જ્ઞાતિ” કે નાત તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સમાજ આવા વિવિધ જ્ઞાતિ જૂથોનો બનેલો બહુમુખી સમાજ છે. આવા વિવિધ જ્ઞાતિ જૂથોની રચના ક્યારે અને કેવી રીતે થઈ તે કહેવું મુશ્કેલ છે છતાં એવું માનવમાં આવે છે કે ભારતીય સમાજમાં અનુ વૈદિક યુગથી જ્ઞાતિ પ્રથા અસ્તિત્વમાં આવી. વેદકાલિન સમાજમાં પણ ઊચનીચના કોટીક્રમ ધરાવતી સ્તરરચના જોવા મળતી હતી. દરેક જ્ઞાતિના લોકોનું જીવન પરંપરાગત રૂઢિઓ, માન્યતાઓ અને રિતરિવાજો ઉપર આધારિત હોય છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થાની જેમ જ્ઞાતિ પણ એક સામાજિક સંસ્થા તરીકે ઓળખાય છે. ભારતીય સામાજિક જીવનમાં મોટાભાગના ક્ષેત્રોમાં જ્ઞાતિ વ્યવસ્થાને મહત્વ અપાય છે. ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થાઓ પાયો વૈદિક સમાજની વર્ણ વ્યવસ્થા પર રહેલો છે. પ્રવર્તમાન જ્ઞાતિ સ્તર રચનાને સમજવા માટે વર્ણ વ્યવસ્થાની ઉત્પત્તિનો સંક્ષેપમાં વિચાર કરીએ તો હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વર્ણપ્રથાને ઈશ્વર રચિત માનવમાં આવે છે. આજે પણ વર્ણવ્યવસ્થાને ઈશ્વરીય વ્યવસ્થા માનવા વાળો મોટો વર્ગ છે.

મનુસ્મૃતિમાં વર્ણપ્રથાની ઉત્પત્તિ વિશે કહેવાયું છે કે પરમાત્માના ચાર અંગોમાંથી ચાર વર્ણ ઉત્પન્ન થયા છે. મુખમાંથી બ્રાહ્મણ, હાથમાંથી ક્ષત્રિય, પેટમાંથી વૈશ્ય અને પગમાંથી શુદ્ર, આ ચારેય વર્ણના કાર્યો પણ નક્કી થયેલા હતા. સમય જતાં આ ચારેય વર્ણમાંથી પાંચમા વર્ણનું સર્જન થયું જેને અતિશુદ્ર તરીકે ઓળખવામાં આવ્યા. પ્રસ્તુત સંશોધન અમદાવાદ શહેરના સ્ત્રી સફાઈ કામદાર વિષે તથા તેમનામાં શિક્ષણ વિષેની સમજણ વિષેનો ચિતાર રજૂ કરે છે.

## 1.1 પ્રસ્તાવના

જ્ઞાતિવ્યવસ્થાના ઉદભવનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય જોઈએતો વર્ણાશ્રમવાળી સમાજ વ્યવસ્થામાંથી જ્ઞાતિબદ્ધ સમાજરચનાનો પ્રારંભ વૈદિક યુગના અંતભાગમાં થયેલો હોવાના ઉલ્લેખો છે. મનુસ્મૃતિ પ્રમાણે મનુના સમયમાં વર્ણાશ્રમમાંથી જ્ઞાતીના ઉદભવની શરૂઆત થઈ. વર્ણના બદલે જાતિ શબ્દ પ્રયોજાયો. હર્બટ રિઝેલે પણ પોતાના જાતિભેદના સિદ્ધાંતમાં જણાવે છે કે જ્ઞાતિપ્રથના ઉદભવ માટે વંશ અને અનુલોમ લગ્ન જવાબદાર છે. જે. એચ. હટ્ટનના માટે જ્ઞાતિ અનેક સૈકાઓ દરમ્યાન વિકાસ પામેલી સંસ્થા છે. બીજી બાજુ મજૂમદાર જણાવે છે કે લોહીની શુદ્ધતાના ખ્યાલમાંથી જ્ઞાતિપ્રથા નિર્માણ પામી. સગપણ સંબંધ અને વ્યવસાય ભેદના આધારે અનેક જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી. સૈકાઓ સુધી આ પ્રકારની સમાજ વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હતી. સમય જતાં આ પ્રકારની સમાજ વ્યવસ્થા ધર્મવ્યવસ્થામાં પરીવર્તન પામી. વર્ણ વ્યવસ્થાનું સૌથી બિહામણું સ્વરૂપ તે ધર્મ દ્વારા સ્થાપિત થયેલ અસ્પૃશ્યતા છે.અનુલોમ – પ્રતિલોમ લગ્ન તેમજ બીજા કેટલાક કારણોસર એક નવો વર્ણ ઉત્પન્ન થયો જેને અસ્પૃશ્યવર્ણ કહેવાયો. ધર્મના નામે આ વર્ણની પ્રજા માટે અનેક અમાનવીય નિયમો બનાવ્યા. આ પંચમવર્ણની જ્ઞાતિઓને અમુક વ્યવસાય કરવાના જ નિયમો બનાવ્યા. જેમાં પ્રાચીન સમયથી માંડીને આધુનિક યોગમાં ઘણું પરીવર્તન આવેલું જોવા મળે છે.

© RRIJM 2015, All Rights Reserved

આઝાદી પછીથી દેશમાં દેખીતી રીતે અસ્પૃશ્યતા અને પરંપરાગત વ્યવસાયો જળવાઈ રહેલા લગતા નથી. શિક્ષણ દેશના તમામ નાગરિકોને સુલભ બન્યું છે. વ્યવસાયની સમાન તક સાથેના આ સમાજને અનામત જેવા લાભો પણ પ્રાપ્ત થયા છે. આઝાદી પૂર્વેની સમાજ વ્યવસ્થાના મૂલ્યો , માન્યતાઓ ધોરણો અને બીજી સાંસ્કૃતિક બાબતોમાં પરિવર્તન આવેલું દેખાય છે. આમ , છતાં હજુ અનુસુચિત જાતિઓનો સર્વાંગી વિકાસ થવો જોઈએ તેટલો થયો નથી. દેશના અનેક પ્રદેશોમાં આ સમાજ માટે હજુ મંદિર પ્રવેશ શક્ય નથી. અનેક પ્રકારના સામાજિક ભેદભાવો રખાય છે. દેશમાં કાયદાના ડરથી અસ્પૃશ્યતા દૂર થયેલી જોવા મળે છે. પરંતુ વાસ્તવમાં તેનું સ્વરૂપ બદલાયું છે. હવે એક જાતની "માનસિક અસ્પૃશ્યતા" જન્મી-વિકસી છે. હજારો વર્ષોથી જીવનમાં વણાઈ ગયેલા વ્યવહારો માનવીના મનમાંથી ક્યારે દૂર થશે તે એક પ્રશ્ન છે. આ ઉપરાંત નવા પ્રકારે ભેદભાવ અને સામાજિક અસમાનતા ઊભી થઈ છે. જે સમાજના સર્વાંગી વિકાસ માટે આગામી સમયમાં મોટા માં મોટો પડકાર હશે. હજુ પણ એવી જ્ઞાતીના લોકો છે જેના માટે અમુક વ્યવસાય કરવા પર નિષેધ જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સફાઈ કામદાર મહિલાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ વિષયની પસંદગીના કારણોની આપણે વિગતે ચર્ચા કરીશું.

**1.2 ભારતની જ્ઞાતિ વ્યવસ્થા**

દરેક જ્ઞાતિ એ એક સ્વતંત્ર સામાજિક એકમ હોય છે તેની રૂઢીઓ કે રીત રિવાજો –એની પર તેનું જીવન નિર્ભર હોય છે . સામાન્ય પણે બીજી જ્ઞાતિઓના રીત રિવાજોથી કેટલીક બાબતોમાં જુદા હોય છે અને ક્યારેક તો બીજી કોઈપણ જ્ઞાતીના રીત રિવાજોથી તદ્દન ઉલ્ટા કે વિપરીત હોય છે . એક જ્ઞાતીના માણસો બીજી જ્ઞાતિના માણસોની સાથે ખાવા પીવામાં કેટલી હદ સુધી ભળી શકે છે તેની ચોક્કસ મર્યાદા પરંપરાથી ચાલતા આવેલ અલિખિત કાયદાઓ વડે આકેલી હોય છે . અને તે કોને લાગુ પડે છે તે દરેક જાણ અચૂક જાણતો હોય છે . ધર્માન્તર કરવાથી પણ જ્ઞાતિ સંસ્થાનો અંત આવતો નથી કારણકે તેને કાયદેસર વજૂદ ન આપનારા મુસલમાનો પણ પ્રત્યક્ષ વહેવારમાં તેનું પાલન કરતાં જોવામાં આવે છે અને હિન્દુઓની જે તેમનામા પણ ઘણી જ્ઞાતિઓ છે અને જ્યારે કોઈ સુધારક મંડળ હિન્દુ ધર્મથી અલગ થઈને જ્ઞાતિનો ઇનકાર કરે છે ત્યારે તેની પોતાની જ એક નવી જ્ઞાતિ બની જાય છે.

ભારતમાં લગભગ ૩૦૦૦ જ્ઞાતિઓ છે એમ માનવમાં આવે છે અને તે બધીનું વિવરણ કરવા માટે તો એક આખો જ્ઞાનકોષ જોઈએ . કેટલીક જ્ઞાતિઓ આદિવાસી જ્ઞાતિઓ કે બીજી માનવ જાતિઓમાંથી પેદા થયેલી છે . કેટલીક કદાચ મૂળ કારીગરોના બનેલા મહાજનોમાંથી વ્યાવસાયિક ધોરણે બની છે. કેટલીક પ્રાદેશિક છે. કેટલીક ધાર્મિક કે સાંપ્રદાયિક છે તેમ તેમની ઉત્પત્તિ અનેક રીતે થયેલી છે. કોઈપણ જ્ઞાતીના માણસોને એકત્ર જોડી રાખનારૂં મૂળ બંધન જુદી-જુદી જ્ઞાતિઓની બાબતમાં જુદું જુદું રહ્યું છે પણ અહી અમે એમ સૂચવવા માંગીએ છીએ કે આ જુદા જુદા ઘટકોનું કે જ્ઞાતિઓનું એકીકરણ કરીનેજ દેશના જન સમુદાય માંથી અરસ પરસ જીવંત સંબંધ ધરાવનાર સમાજ કે કોમ નિર્માણ કરવામાં આવી છે . તેમાં નવો દાખલ થનાર ઘટક વિના મુશ્કેલીએ બરાબર ગોઠવાઈ શકે છે તેમજ બીજા ઘટકોમાંથી કોઈ જુથ અલગ પડે તો એને એ વ્યાપક સમાજ રચનામાં એટલીજ સહેલાઇથી એક નવી જ્ઞાતિનું રૂપ ધારણ કરી શકે છે.

આ સમાજના ઘડતરમાં જે અનેક પ્રજાઓએ ફાળો આપ્યો છે તેમનો કઈક ખ્યાલ આવે તે માટે આપણે ભારતમાં વખતો વખત બહારથી જે લોકો આવ્યા તેમના આગમનનો વિચાર કરવો જોઈએ. એશિયાના બીજા પ્રદેશો પરથી વિચાર કરતાં એમ લાગે છે કે જેના કઈક અંશે આજે હયાત છે તે હિન્દી દ્વીપ કલ્પના સૌથી પહેલાના વતનીઓ નેગ્રીટો જાતિના હતા . તેઓ વામન જેવા ઠીંગણા હોઇને તેમનો વર્ણ કાળો , વાળ સુકવેલી પીપર જેવા ઊંચાઈ સામાન્ય પણે ચારથી પાંચ ફૂટ વચ્ચે હતી . આવી કેટલીક જ્ઞાતિઓ હજી પણ મલાયા અને ફિલિપાઇન ટાપુઓમાં હયાત છે અને એને કઈક મળતી કેટલીક ન્યુ ગીનીમાં છે . બંગાળના ઉપસાગરમાં આવેલા અંદમાન ટાપુઓમાં તે લગભગ તેના અસલ શુધ્ધ સ્વરૂપમાં ટકી રહી છે . જોકે તેમની સંખ્યા ત્યાં ખૂબ ઝપાટામાં ઘટતી જાય છે અને તેમના લોહીના અંશ ઘણું કરીને કોચીનમાં અરણ્યોમાં વસતી ડાડરના જેવી દક્ષિણ હિંદની કેટલીક જંગલી જાતિઓમાં જોવા મળે છે.

ભારતની વસતી જે અનેક માનવજાતિઓના મિલનથી બનેલી છે. તેમાં નેગ્રીટો જાતિની ગણના કરવી કે નહીં એ વિષે શંકા હોય તો પણ જેનો ઘણી વાર દ્રવિડપૂર્વ અથવા આદિ-ઓસ્ટ્રેલોઇડ જાતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે તે ઓસ્ટ્રેલોઇડ જાતિની ગણના કરવા વિષે જરા પણ શંકા નથી . આ જાતિનું મૂળ તપાસીએ તો યુરોપના અગ્નિ ખૂણાની કહેવાતી "બદામવર્ણી જાતિ" સાથે તેનો સબંધ છેવટે બતાવી શકશે અથવા તો અગ્નિ એશિયાની જ કોઈ માનવથી નીચલી કોટીમાંથી તેનો વિકાસ થયો હશે . આ જાતિ ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓને અથવા હિન્દ મહાસાગરમાં આવેલા ટાપુઓમાં પથરાયેલી આદિમ જાતિઓ મળતી આવે છે અને આખા હિંદુસ્તાનમાં અને તેમાંય ખાસ કરીને ત્યાંની નીચલી જ્ઞાતિઓમાં તેમજ સમાજના હલકા પછાત વર્ગોમાં ચોમેર જોવા મળે છે . તેનું વધારેમાં વધારે શુધ્ધ સ્વરૂપ દક્ષિણ હિંદની પહાડી અને જંગલી જાતિઓમાં કેટલીક વધારે પ્રાથમિક વ્યવસ્થાવાળી જાતિઓમાં જોવા મળે છે.

**1.3 જ્ઞાતિ વ્યવસ્થાનો સામાન્ય પરિચય**

ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થા એક સામાજિક સંગઠન છે જ્ઞાતિ વ્યવસ્થા હિન્દુઓમાં વિશેષ રૂપથી જોવા મળે છે . જ્ઞાતિ વ્યવસ્થા સામાજિક સ્તરીકરણનું એક સ્વરૂપ છે જે જન્મથી પ્રાપ્ત થાય છે . વર્ગ જ્યારે જન્મથીજ નિશ્ચિત થાય છે ત્યારે તેને જ્ઞાતિ કહેવામા આવે છે . જ્ઞાતિએ એક વિશિષ્ટ પ્રકારનો વર્ગ છે જે માત્ર ભારતમાં જ જોવા મળે છે. આ માનવી-માનવી વચ્ચેના ઊચ-નીચના ભેદનો સૂચક છે.

**1.3.1 જ્ઞાતિનો અર્થ**

© RRIJM 2015, All Rights Reserved 

જ્ઞાતિને વ્યાખ્યા આપતા કુલે નોંધે છે કે જ્યારે એક વર્ગ સંપૂર્ણ રીતે અનુવંશિકતા પર આધારિત હોય છે ત્યારે તેને જ્ઞાતિ કહેવામા આવે છે . મજૂમદાર અને મદાનના અનુસાર "એક જ્ઞાતિ એકબંધ વર્ગ છે"રિજલેના મત અનુસાર જ્ઞાતિને પરિવારનો એ સમૂહ બતાવ્યો છે જે એક જ પૂર્વજ જે કાલ્પનિક માનવી કે દેવતા હોય શકે છે જે વંશ પરંપરા બતાવે છે અને એકજ વ્યવસાયમાં જોડાયેલા હોય અને એ લોકો દ્વારજ જે એમના યોગ્ય હોય એક જ્ઞાતિ સમુદાય માનવમાં આવે છે. કેતકરના મત અનુસાર "જ્ઞાતિ એક સામાજિક સમૂહ છે" જેની બે વિશેષતાઓ છે

1. સભ્યતા એ એ વ્યક્તિઓ પુરતીજ સીમિત છે જે સભ્યો દ્વારા જન્મ લે છે અને આવી રીતે જન્મેલા વક્તિઓને ભેગા કરે છે.
2. સભ્ય એક કઠોર સામાજિક નિયમ દ્વારા પોતાના સમૂહથી બહાર લગ્ન કરવા પર પ્રતિબંધ ફરમાવે છે.

દત્ત એ પણ જ્ઞાતિનો કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી આપી પરંતુ એના કેટલાક લક્ષણો દર્શાવ્યા છે જેની સમજૂતી નીચે મુજબ છે.

1. એક જ્ઞાતિનો સભ્ય જ્ઞાતિ બહાર લગ્ન કરી શકતો નથી.
2. બીજી જ્ઞાતીના સભ્યો સાથે ખાવા-પીવા પર પ્રતિબંધ છે.
3. અમુક જ્ઞાતિનો વ્યવસાય નિશ્ચિત છે તે નિશ્ચિત કરેલો વ્યવસાય જ કરી શકે છે.
4. જ્ઞાતિઓમાં ઊંચ નીચની પદ્ધતિ છે જેવા બ્રહ્મણોનું સ્થાન સૌથી ઉપર છે.
5. જ્ઞાતિનો નિર્ણય જન્મથી જ થાય છે અને તે જીવનભર માટે હોય છે વ્યક્તિ તેના નિયમોનો ભંગ કરે તો તેને જ્ઞાતિની બહાર મૂકી દેવામાં આવે છે અને એના પછી તે બીજી જ્ઞાતિનું સભ્ય પદ પણ લે શકતો નથી.
6. સંપૂર્ણ પ્રણાલી બ્રહ્મની પ્રતિષ્ઠા પર કેન્દ્રિત અને આધારિત હોય છે.

દત્ત ને જ્ઞાતીના મુખ્ય લક્ષણોને વ્યક્ત કર્યા છે જે સામાન્ય રીતે યથાર્થ છે પરંતુ તેમાં પણ થોડોક અપવાદ જોવા મળે છે જેમ કે એક જ્ઞાતિનો સભ્ય બીજી જ્ઞાતિમાં પ્રવેશ મેળવી શકે છે . માનુની વિધિ અનુસાર પણ ઉચ્ચ જ્ઞાતીના પિતા અને નિમ્ન જ્ઞાતિની માતા દ્વારા જન્મેલા સંતાનને પિતાની જ્ઞાતિનું સંતાન માનવમાં આવે છે. મણિપુર રાજ્યની લોહી જ્ઞાતિને ત્યાંના રાજાએ ક્ષત્રિય જ્ઞાતિ જાહેર કરી હતી અને તેમને જનોઈ ધારણ કરવાની માન્યતા પણ આપી હતી હવે તે ક્ષત્રિયો ગણવામાં આવે છે.

**1.3.2 જ્ઞાતિ વ્યવસ્થાના લક્ષણો**

1. જ્ઞાતિનું મુખ્ય લક્ષણ એ છે કે જ્ઞાતીના સભ્યો પોતાના સમુદાયમાં લગ્ન કરી શકે છે . અહી અંતર્વિવાહિ લગ્નનો કઠોર નિયમ છે. જો કોઈ વ્યક્તિ જ્ઞાતિથી બહાર લગ્ન કરે તો તેને દંડ આપવામાં આવે છે અને જ્ઞાતિ બહાર કાઢી મૂકવામાં આવે છે જ્યારે કોઈ વ્યક્તિ પોતાના કરતાં નિમ્ન જ્ઞાતિમાં લગ્ન કરે તો તેમના સંતાનો પિતાની જ્ઞાતથી નિમ્ન અને માતાની જ્ઞાતિથી ઉચ્ચ એવી એક નવી જ્ઞાતિનું નિર્માણ કરે છે. આ પ્રકારના લગ્નને અનુલોમ કહે છે પરંતુ પ્રતિ લોમ લગ્ન તરફ ધૃણાની દ્રષ્ટિથી જોવામાં આવે છે તેને સ્વીકારવામાં આવતા નથી.
2. ખાવા પીવા પર પ્રતિબંધ જોવા મળે છે . પાકું ભોજન એક વ્યક્તિ બીજી વ્યક્તિના ત્યાં ખાઈ શકતું નથી . કાચું ભોજન પણ એક જ્ઞાતીના સભ્યો એકબીજાને ત્યાં લઈ શકતા નથી.
3. જ્ઞાતિની સભ્યતા જન્મ પર આધારિત છે.
4. મોટા ભાગની જ્ઞાતિઓનો પોતાનો પરંપરાગત વ્યવસાય હોય છે.
5. અનેક પ્રકારની અસુવિધાઓ નિમ્ન જ્ઞાતિઓમાં જોવા મળે છે. અસ્પૃશ્યોના માટે આવો વ્યવહાર કલંક સમાન છે.

જ્ઞાતિ વ્યવસ્થાના લક્ષણો જોતાં જ્ઞાતિ વ્યવસ્થા વિષે વિશેષ સમજૂતી પ્રાપ્ત થાય છે કે જ્ઞાતિ એટલે શું ? તેના લક્ષણો પરથી જ્ઞાતિ વ્યવસ્થાના નીતિ નિયમો વિષે પણ જાણકારી પ્રાપ્ત થાય છે . જ્ઞાતિ વ્યવસ્થાને વધારે સમજવા માટે ભારતની જ્ઞાતિ વ્યવસ્થા વિષે જાણકારી પ્રાપ્ત કરીશું . જ્ઞાતિ વ્યવસ્થા ભરતામાંજ કેમ જોવા મળે છે? તેની વિશેષ ચર્ચા આપણે હવે કરીશું.

અસ્પૃશ્યોનો વર્ગ સામાજિક-આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત છે તેથી સરકારી કે ખાનગી ક્ષેત્રોમાં રોજગારીની તકો નહિવત થઈ ગઈ છે. આવી પરિસ્થિતિમાં સફાઈ કામદાર મહિલાઓ અને તેમના કુટુંબના ભવિષ્યનું શું છે તે આ સંશોધન માટે તર્ક યોગ્ય છે. તે માટે અમદાવાદ શહેરના મહિલા સફાઈ કામદાર અંગેના સમાજશાસ્ત્રીય આકડાઓનું પૃથ્થકરણ મેળવવા અમદાવાદ શહેરના કુલ મહિલા સફાઈ કામદારને લગતી મહીતી કોષ્ટક1.1માં રજુ કરવામાં આવી છે.

કોષ્ટક 1.1અમદાવાદ શહેરના કુલ મહિલા સફાઈ કામદારને લગતી મહીતી

| ક્રમ. | વોર્ડ નં. | વોર્ડ | ઝોન | વોર્ડ નું અંતર (કી.મી.) | કાયમી કામદાર | કાયમી મજુર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 21 | દરિયાપુર | cz | 1.62 | 54 | 21 | 75 |
| 2 | 43 | હાટકેશ્વર | ez | 1.94 | 51 | 12 | 63 |
| 3 | 14 | કુબેરનગર | nz | 2.23 | 64 | 19 | 83 |
| 4 | 15 | અસારવા | cz | 2.44 | 69 | 28 | 97 |

© RRIJM 2015, All Rights Reserved 

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5 | 26 | બાપુનગર | ns | 2.68 | 74 | 34 | 108 |
| 6 | 29 | જમાલપુર | cz | 2.81 | 78 | 21 | 99 |
| 7 | 32 | વેજલપુર | nwz | 2.9 | 90 | 20 | 110 |
| 8 | 7 | ઘાટલોડિયા | nwz | 3 | 94 | 21 | 115 |
| 9 | 27 | સરસપુર-રખિયાલ | nz | 3.6 | 96 | 14 | 110 |
| 10 | 23 | ઠક્કરનગર | nz | 3.09 | 101 | 24 | 125 |
| 11 | 13 | સૈજપુર બોઘા | nz | 3.11 | 110 | 16 | 126 |
| 12 | 44 | અમરાઈવાડી | ez | 3.16 | 96 | 18 | 114 |
| 13 | 6 | નવાવાડજ | wz | 3.17 | 99 | 99 | 198 |
| 14 | 28 | ગોમતીપુર | ez | 3.26 | 114 | 58 | 172 |
| 15 | 42 | ખાડિયા | cz | 3.32 | 119 | 45 | 164 |
| 16 | 25 | ઇન્દ્રપુરી | sz | 3.37 | 121 | 45 | 166 |
| 17 | 36 | દાણી લીમડા | sz | 3.54 | 132 | 46 | 178 |
| 18 | 38 | ખોખરા | sz | 3.65 | 136 | 56 | 192 |
| 19 | 39 | વિરાટનગર | ez | 3.73 | 140 | 45 | 185 |
| 20 | 17 | શાહપુર | cz | 3.77 | 141 | 69 | 210 |
| 21 | 45 | ઇસનપુર | sz | 3.9 | 140 | 69 | 209 |
| 22 | 16 | શાહીબાગ | cz | 4.43 | 165 | 81 | 246 |
| 23 | 37 | મણીનગર | sz | 4.54 | 187 | 95 | 282 |
| 24 | 22 | ઇન્ડિયા કોલોની | nz | 4.57 | 184 | 68 | 252 |
| 25 | 9 | નારણપુરા | wz | 4.91 | 130 | 64 | 194 |
| 26 | 10 | એસ.પી. સ્ટેડીયમ | wz | 5.24 | 146 | 49 | 195 |
| 27 | 40 | ઓઢવ | ez | 5.46 | 151 | 58 | 209 |
| 28 | 31 | વાસણા | wz | 5.57 | 125 | 53 | 178 |
| 29 | 30 | પાલડી | wz | 5.58 | 385 | 11 | 396 |
| 30 | 5 | રાણીપ | wz | 7.55 | 214 | 207 | 421 |
| 31 | 11 | સરદારનગર | nz | 8.71 | 178 | 86 | 264 |
| 32 | 4 | સાબરમતી | wz | 9.78 | 181 | 61 | 242 |
| 33 | 20 | જોધપુર | nwz | 9.85 | 184 | 89 | 273 |
| 34 | 25 | બહેરામપુરા | sz | 10.21 | 204 | 94 | 298 |
| 35 | 24 | વટવા | sz | 11.26 | 213 | 93 | 306 |
| 36 | 47 | નિકોલ | ez | 11.61 | 224 | 97 | 321 |
| 37 | 3 | ચાંદખેડા | wz | 11.9 | 215 | 88 | 303 |
| 38 | 18 | નવરંગપુરા | wz | 11.98 | 418 | 93 | 511 |
| 39 | 19 | બોડકદેવ | nwz | 12.93 | 318 | 56 | 374 |
| 40 | 41 | વસ્ત્રાલ | ez | 13.46 | 315 | 94 | 409 |
| 41 | 2 | ચાંદલોડિયા | nwz | 13.69 | 317 | 96 | 413 |
| 42 | 12 | નરોડા | nz | 13.84 | 312 | 96 | 408 |
| 43 | 33 | સરખેજ | nwz | 23.6 | 322 | 86 | 408 |
| 44 | 34 | મકતમપુરા | nwz | 25.51 | 124 | 94 | 218 |
| 45 | 8 | થલતેજ | nwz | 27.98 | 385 | 93 | 478 |
| 46 | 48 | રામોલ-હાથીજણ | ez | 30.74 | 106 | 93 | 199 |
| 47 | 1 | ગોતા | nwz | 33.76 | 358 | 86 | 444 |

© RRIJM 2015, All Rights Reserved 

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 48 | 46 | લાંભા | sz | 47.95 | 154 | 74 | 228 |
| કુલ | | | | | 8334 | 3035 | 11369 |

સમાજશાસ્ત્રનો આ અભ્યાસ અમદાવાદ શહેરના કાયમી કામદાર અને કાયમી મજુર એમ બે વર્ગમાં કામ કરતા સ્ત્રી સફાઈ કામદાર વિષે છે. અમદાવાદ શહેરની કુલ સ્ત્રી સફાઈ કામદારની માહિતી કુલ 48 વોર્ડમાંથી લેવાયેલ છે. કુલ 48 વોર્ડ 8 ઝોનમાં વહેચવામાં આવેલું છે. પ્રત્યેક ઝોન માટે તેનો ફેલાવો કિલ. મીટરમાં ફાળવવામાં આવ્યો છે. તે મુજમ સૌથી વધુ કી.મી. ધરાવતો વિસ્તાર લાંભા છે તથા સૌથી ઓછો વિસ્તાર દરિયાપુર અને હત્કેશ્વર ધરાવે છે. પ્રત્યેક વોર્ડ પ્રમાણે કાયમી કામદાર અને કાયમી મજુર સ્ત્રી સફાઈ કામદારોની વિગત રજુ કરવામાં આવી છે. જે મુજબ સૌથી વધુ સ્ત્રી સફાઈ કામદાર કાયમી થલતેજ માટે તથા સૌથી ઓછા હાટકેશ્વર વોર્ડ માટે નોધવામાં આવ્યા છે. તેજ મુજમ કાયમી મજુર સફાઈ સ્ત્રી કામદારોમાં સૌથી વધુ રાણીપ તથા સૌથી ઓછા પાલડી વોર્ડ માટે નોધવામાં આવ્યા છે. આ પ્રાપ્ત માહિતી આધારે ગુચ્છ નિદર્શન પદ્ધતિ આધારે તેમની માહિતી મેળવી પ્રત્યેક સમૂહ માટે સરળ નિદર્શન પદ્ધતિથી નિદર્શ પસંદ કરવામાં આવ્યો છે. જેની ગણતરી નીચે મુજબ કરવામાં આવી છે.


$$\text{નીદાર્શનુંકદ} = \frac{\frac{z^2 \times p\,(1-p)}{e^2}}{1 + \frac{z^2 \times p\,(1-p)}{e^2 N}}$$

જ્યાં, N = સમષ્ટિનું કદ, e = કુલ ત્રુટી પદ, p = કુલ ત્રુટી પદ માટે સંભાવના

95% સ્વતંત્રતાની માત્ર માટે સંભવિત કિમત 1.96 લેવાયેલ છે. તેના આધારે નીદર્શના કદ ની કિમત પ્રાપ્ત કરવામાં આવી છે. આમ, 435 કુલ નિદર્શ લઇ કુલ સફાઇ કામદાર સ્ત્રીઓ માટે તેમની રૂબરૂ મુલાકાતથી મેળવેલ માહિતી માટે પૃથ્થકરણ મેળવી તારણો મેળવવામાં આવ્યા છે.

**1.1 કામના પ્રકારને આધારે પૃથ્થકરણ**

| કોષ્ટક 1.2 કામનો પ્રકાર | | |
|---|---|---|
| વિગત | આવૃત્તિ | ટકાવારી |
| કાયમી મજુર | 171 | 39% |
| કાયમી કામદાર | 264 | 61% |
| કુલ | 435 | 100% |




આકૃતિ 1.1 કામના પ્રકારને આધારે પૃથ્થકરણ

નિદર્શમાં પ્રાપ્ત કરેલા કુલ સ્ત્રી સફાઈ કામદારો પૈકી કાયમી મજૂર 171 (39%) તથા કાયમી કામદાર 264 (61%) છે. અમદાવાદ શહેરી વિસ્તરમાં કુલ સ્ત્રી સફાઈ કામદારો પૈકીકાયમી મજૂર કરતા કાયમી કામદાર સ્ત્રીઓનો સંખ્યા વધુ છે.

**1.2 ઉમરઆધારે પૃથ્થકરણ**

નિદર્શમાં પ્રાપ્ત કુલ સ્ત્રી સફાઈ કામદારો 435 માટે તેમના ઉમર જૂથ પ્રમાણે પૃથ્થકરણ મેળવતા કુલ પાંચ વય જુથમાં વહેચવામાં આવ્યા છે. તે મુજમ 18 -24 વય જુથમાં કુલ સ્ત્રીઓના 21% હિસ્સેદારી નોધાવે છે. નિદર્શ કદ 435 માંથી કુલ 90 સફાઈ કામદાર સ્ત્રીઓ આ ઉમર જુથમાં આવે છે.


કોષ્ટક 1.3 ઉમરઆધારે પૃથ્થકરણ

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| 18-24 | 90 | 21 |
| 25-29 | 130 | 30 |

© RRIJM 2015, All Rights Reserved 

| | | |
|---|---|---|
| 30-34 | 124 | 29 |
| 35-49 | 42 | 10 |
| 50-54 | 49 | 11 |
| કુલ | 435 | 100 |

બીજો વર્ગ 25-29 વય જૂથ ધરાવતી સ્ત્રીઓ માટે નક્કી કરવામાં આવ્યો છે. તે મુજબ કુલ 130 (30%) સ્ત્રીઓ તેમાં સમાવીષ્ટ છે. ત્રીજા જુથની વય મર્યાદા 30-34 વર્ષની નક્કી કરવામાં આવી છે. તેમાં કુલ 124 (29%) સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ચોથું ઉંમર જૂથ તે 35-49 વય ધરાવતી સ્ત્રી સફાઈ કામદારો માટે લેવામાં આવેલ છે. તેમાં કુલ 42 (10%) સ્ત્રીઓનો સમાવેશ થાય છે. છેલ્લા વય જુથમાં કુલ 49 સ્ત્રી કામદારો આવે છે તેઓનું ઉંમર જૂથ 50-54 વર્ષ નક્કી કરવામાં આવેલ છે.




આકૃતિ 1.2 ઉંમરઆધારે પૃથ્થકરણ

ઉપરોક્ત માહિતી પરથી જાણી શકાય છે કે બીજા ઉંમર જૂથમાં  કાયમી મજૂર તથા કાયમી સફાઈ કામદાર સ્ત્રીઓની સંખ્યા 25-29 વર્ષની વય મર્યાદામાં છે. ત્યાર બાદનું ઉંમર જૂથ 30 -34 તેની નજીકની કિમત ધરાવે છે. તે પરથી કહી શકાય કે અમદવાદ શહેરમાં કાયમી મજૂર તથા કાયમી સ્ત્રી સફાઈ કામદારની સંખ્યા યુવા અવસ્થા ધરાવે છે.


1.3 માસિક આવક આધારે પૃથ્થકરણ

અભ્યાસ હેઠળની કુલ 435 સ્ત્રી સફાઈ કામદારો માટે તેમની માસિક આવકને આધારે પૃથ્થકરણ કોષ્ટક 1.4 માં મેળવવામાં આવ્યું છે. માસિક આવકની ગણતરી માટે કુલ પાંચ વર્ગમાં આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું છે. તે મુજબ સૌથી ઓછી આવકનો વર્ગ માસિક રૂ. 3000 કે તેથી ઓછી  આવક ધરાવતી સ્ત્રી સફાઈ કામદારો માટે તથા સૌથી વધુ માસિક આવક રૂ.20,000 કે તેથી વધુ પ્રમાણે વર્ગીકરણ મેળવવામાં આવ્યું છે. પ્રત્યેક પ્રાપ્ત આવૃત્તિ  માટે કુલ આવૃત્તિના કેટલા ટકા તે જુથમાં  આવે છે તે દર્શાવવામાં આવ્યું છે.

કોષ્ટક 1.4 માસિક આવક આધારે પૃથ્થકરણ

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| 3000 થી ઓછી | 6 | 1 |
| 3000-5000 | 78 | 18 |
| 5000-10000 | 95 | 22 |
| 10000-20000 | 244 | 56 |
| 20000 થી વધુ | 12 | 3 |
| કુલ | 435 | 100 |

© RRIJM 2015, All Rights Reserved




આકૃતિ 1.3 માસિક આવક આધારે પૃથ્થકરણ


પ્રાપ્ત માહિતી આધારે કુલ 6% સ્ત્રી સફાઈ કામદારો માસિક રૂ. 3000 થી ઓછી આવક પ્રાપ્ત કરે છે. જેઓની માસિક આવક રૂ. 3000 થી 5000 સુધી છે તેમની સંખ્યા 78 થાય છે જે કુલ સ્ત્રી કામદારોના 18% જેટલી છે. જેઓની માસિક આવક રૂ. 5000 થી 10000 છે તેમની સંખ્યા 95 નોંધાયેલ છે જે કુલ સ્ત્રીઓની સંખ્યાના 22% જેટલી હિસ્સેદારી નોંધાવે છે. સૌથી વધુ આંક ચોથી વર્ગલંબાઈ  માટે પ્રાપ્ત થાય છે જે સ્ત્રી કામદારોની માસિક આવક રૂ. 10,000 થી 20,000 વચ્ચે છે તેમની સંખ્યા 244  છે જે કુલ સ્ત્રીઓની સંખ્યાના 56% ફાળો નોંધાવે છે. આ વર્ગ માટે સૌથી વધુ સંખ્યા નોંધવામાં આવી છે. આ ઉપરાંત જેઓની માસિક આવક રૂ. 20 ,000થી વધુ છે તેમને પાંચમા વર્ગમાં નોંધવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર કુલ 12(3%) સ્ત્રી સફાઈ કામદારની આવક રૂ. 20  ,000 પ્રતિ માસ અથવા તેથી વધુ છે. ઉપરોક્ત માહિતી પરથી કહી શકાય કે અમદાવાદ શહેરી વિસ્તારમાં કાર્યરત સ્ત્રી સફાઈ કામદારો ઉંમર જુથ પ્રમાણે યુવાન છે. તેમાંથી મોટાભાગના મહિલા સફાઈ કામદારની નિમણૂક કાયમી સફાઈ કામદાર તરીકે કરવામાં આવી છે અને તેમાંથી મોટા ભાગના કામદારો માસિક રૂ. 10,000 થી 20,000  ની આવક પ્રાપ્ત કરે છે.

1.4 શિક્ષણ

આ અભ્યાસ હેઠળ હાલના શિક્ષણને લઈ સ્ત્રી સશક્તિકરણના ફૂંકાતા બણગાં સામે પણ પરિણામોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પછાત જાતિની બાળકી કે દીકરીનો અભ્યાસ કેટલો છે, તથા તે અભ્યાસ આધારે તેમનું સ્થાન સમાજમાં કેટલું છે તેનો તાળો મેળવી શકશે. કોષ્ટક 4.5માં અભ્યાસ હેઠળના 435 મહિલા સફાઈ કામદારોના શિક્ષણ વિષે ચિતાર રજૂ કરવામાં આવ્યો છે. સૌથી ઓછું શિક્ષણ અથવા નિરક્ષરથી શરૂ કરી ધોરણ-12 પાસ સુધી માહિતી મહિલા સફાઈ કામદારો પાસેથી મેળવવામાં આવી છે. કોષ્ટક 4.5માં દર્શાવ્યા મુજબ કુલ 238(55%) સ્ત્રી સફાઈ કામદારોનું શિક્ષણ ધોરણ-10 થી ઓછું નોંધાયેલ છે. જે સ્ત્રી કામદારો ધોરણ -10 પાસ છે તેમની સંખ્યા માત્ર 40(9%) તથા જેઓ ધોરણ-12 પાસ થયેલ છે તેમની સંખ્યા માત્ર 7(2%) નોંધાયેલ છે. ધોરણ-10 અથવા તેથી ઓછું શિક્ષણ પ્રાપ્ત કરનાર સ્ત્રી સફાઈ કામદારોની સંખ્યા સૌથી વધુ નોંધાયેલ છે.

કોષ્ટક 1.5**શિક્ષણ**

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| ધોરણ ૧૦થી ઓછું | 238 | 55 |
| SSC | 40 | 9 |
| HSC | 7 | 2 |
| નિરક્ષર | 150 | 34 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.4 શિક્ષણ

© RRIJM 2015, All Rights Reserved


ત્યારબાદ નિરક્ષર સ્ત્રી કામદારોની સંખ્યા સૌથી વધુ નોંધાયેલ છે. કુલ 150(34%) મહિલા કામદારો નિરક્ષર છે. અભ્યાસના વર્ગોનું આ પૃથ્થકરણ તેમના સમાજની નીચી વિચારસરણીની ઝાંખી આપે છે. દીકરીને નિરક્ષર રાખવી અથવા તેના ભણતરનો કોઈજ ઉપયોગ નથી તેમ માનવમાં આવે છે. અપૂરતું શિક્ષણ અથવા નિરક્ષરતા 21મી સદીમાં અભિશાપરૂપ છે. આ સમાજ પોતાની માનસિકતા થી પછાત છે તે સ્પષ્ટ પણે જોઈ શકાય છે.

1.5 વધુ અભ્યાસની ઇચ્છા

શિક્ષણ એ શસ્ત્ર અને ઢાલ સરખું કામ કરે છે તે હકીકતથી અજાણ સફાઈ કામદાર સ્ત્રીઓની અભ્યાસ અને શિક્ષણ અંગેની રુચિ જાણવા માટે તેમને જો તક આપવામાં આવે તો તેઓ વધુ અભ્યાસ કરવા ઈચ્છે છે તે અંગે માહિતી પ્રાપ્ત કરવામાં આવી. તે સંદર્ભે તેમને તેઓ વધુ અભ્યાસ કરવા ઈચ્છો છો તે પ્રશ્નના જવાબનો પ્રત્યોત્તર કોષ્ટક 4.6માં દર્શાવવામાં આવ્યો છે.

કોષ્ટક 1.6 વધુ અભ્યાસની ઇચ્છા

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| હા | 0 | 0 |
| ના | 435 | 100 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 4.5 વધુ અભ્યાસની ઇચ્છા


અભ્યાસ હેઠળની દરેક સફાઈ કામદાર સ્ત્રી વધુ અભ્યાસ માટે નકારાત્મક ભાવ દર્શાવે છે. આ માહિતી સ્પષ્ટ કરે છે કે બાળપણથી જ જે સ્થાન અને મહત્વ શિક્ષણનું તેમના માનસ તત્વમાં રેડવામાં આવ્યું છે તે એક ચોક્કસ ઘર કરી ગયું છે અને પરિણામે પ્રગતિ કે અધોગતિની સ્પષ્ટ સમજ આ સ્ત્રીઓ ધરાવતી નથી તેવું ફલિત થાય છે.

4.1.6 પ્રૌઢ શિક્ષણ

પોતાના બલ્યાવસ્થા અથવા સમાજના નીચા વિચારોથી શિક્ષણ રહિત વાતાવરણમાં સ્થાન મેળવી જીવન ઘડતરથી અજાણ સ્ત્રી આગળ વધતાં પોતાના જીવનમાં શિક્ષણનું મહત્વ સમજે છે કે કેમ અથવા તેમ કહી શક્ય કે જો નોકરી અથવા કામ પોતાની કુટુંબ પ્રત્યેની જવાબદારી છે તેમ માનીને ચાલનાર સ્ત્રી વધુ અભ્યાસ માટે આગળ વધવા તૈયાર છે તે જાણવાના ઉદ્દેશથી તેઓને પ્રૌઢ શિક્ષણ વ્યવસ્થાની માહિતી છે અથવા તેઓ પ્રૌઢ શિક્ષણ મેળવવા ઈચ્છા ધરાવે છે. તે સંદર્ભે તેમની પાસેથી જાણકારી મેળવવામાં આવી. આ બાબતે સૌથી પહેલા તેમને પ્રૌઢ શિક્ષણ વિષે માહિતી છે કે કેમ તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો જેની પ્રાપ્ત વિગત કોષ્ટક 4.7માં રજૂ કરવામાં આવી છે. અભ્યાસ હેઠળના સમૂહમાંથી માત્ર 76(17%) સ્ત્રીઓ પ્રૌઢ શિક્ષણ વિષે માહિતી ધરાવે છે અન્ય 359(83%) મહિલાઓ પ્રૌઢ શિક્ષણથી અપરિચિત છે.

કોષ્ટક 1.7 **પ્રૌઢ શિક્ષણ વિષે જાણો છો**

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| હા | 76 | 17 |
| ના | 359 | 83 |
| કુલ | 435 | 100 |





આકૃતિ 1.6 પ્રૌઢ શિક્ષણ વિષે જાણો છો

પ્રૌઢ શિક્ષણ વિષે માહિતી પ્રાપ્ત થતાં આ 76 સ્ત્રીઓએ પ્રૌઢ શિક્ષણ લીધેલું છે તેમ પૂછતા પ્રત્યેક 76 મહિલા કામદારો પ્રૌઢ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે અને તેનાથી જ તેઓ પ્રૌઢ શિક્ષણ વિષે માહિતગાર થયેલ છે તે સ્પષ્ટ થાય છે.

કોષ્ટક 1.7પ્રૌઢશિક્ષણ લીધેલું છે

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| હા | 76 | 17 |
| ના | 359 | 83 |
| કુલ | 435 | 100 |





આકૃતિ 1.7 પ્રૌઢશિક્ષણ લીધેલું છે

આ પ્રૌઢ શિક્ષણ મેળવેલ મહિલાઓને તેમને મેળવેલ પ્રૌઢ શિક્ષણ કામ લાગે છે તેમ પૂછતા જાણવા મળે છે કે તેઓ સંપૂર્ણ સહમત છે કે તેમણે મેળવેલું પ્રૌઢ શિક્ષણ તેમના કામમાં લાગે છે. અન્ય 359 સ્ત્રી કામદારોને આ વિષે પર્યાપ્ત માહિતી નથી તેથી તેઓ પ્રૌઢ શિક્ષણ લેવા તૈયાર થયો નથી.

કોષ્ટક 1.8 પ્રૌઢ શિક્ષણ કામ લાગે છે

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| હા | 76 | 17 |
| ના | 359 | 83 |
| કુલ | 435 | 100 |

© RRIJM 2015, All Rights Reserved 




આકૃતિ 1.8 પ્રૌઢ શિક્ષણ કામ લાગે છે


ઉપરોક્ત ચર્ચા દર્શાવે છે કે સામાજિક રૂઢિચુસ્તતા એ માનવ જીવનને નષ્ટ કરતું સૌથી મોટું પરિબળ છે. આ સમાજમાં શિક્ષણની સમજ પૂરતી નથી અથવા સ્ત્રી સાક્ષરતા વિષે તેઓ પૂરી સમજ ધરાવતા નથી. બીજી બાજુ જે સ્ત્રી કામદારોએ પ્રૌઢ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તેઓ તેને ફાયદાકારક ગણાવે છે. આ પરથી તારવી શકાય કે જો આ જાતિઓ માટે શિક્ષણનું સ્તર વધારવા પ્રયત્ન કરવામાં આવે તો ચોક્કસ પણે તેઓ તેનો સ્વીકાર કરશે અને નવીન સમાજ રચના ઉદભવી શકે છે તે માટેના યથાર્થ પ્રયત્ન થવા જરૂરી જણાય છે. "એક શિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે" ઉક્તિ આ સમાજ માટે બંધ બેસતી નથી. જો તેને સાર્થક કરવામાં આવે તો ચોક્કસ આ પદવત સ્ત્રીઓ પ્રગતિકારક સમાજ સાથે ડગ મિલાવી ચાલી શકે તેમ છે.

1.7 વધુ સારું શિક્ષણના પ્રયત્નો

આ અભ્યાસ હેઠળની પ્રત્યેક સ્ત્રીને શિક્ષણ વિષે ઊંડી સમજણ આપી તેમના સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા તથા વધુ સારું શિક્ષણ આપવા શું પગલાં લેવા જોઈએ તે બાબતે માહિતી પ્રાપ્ત કરવામાં આવી. તેઓને તેમના મૌલિક જવાબોની આવૃત્તિ રચી કોષ્ટક: 1.9 માં રજૂ કરવામાં આવી છે.

કોષ્ટક 1.9 વધુ સારું શિક્ષણના પ્રયત્નો

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| બાળકોને શાળા મોકલવા જોઈએ | 104 | 23 |
| માતા-પિતાને પ્રૌઢ શિક્ષણ આપવું જોઈએ | 141 | 32 |
| પ્રાથમિક શિક્ષણ ફરજીયાત હોવું જોઈએ | 84 | 19 |
| શિક્ષણ આપવા માટે વધુમાં વધુ સાધનો ઉભા કરવા જોઈએ | 106 | 25 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.9 વધુ સારું શિક્ષણના પ્રયત્નો

આ સ્ત્રીઓના જણાવેલા સુધારા મુજબ કુલ 104(23%) સ્ત્રીઓ પોતાની સહમતી દર્શાવે છે કે શિક્ષણનું સ્તર સુધારવા તથા ઊંચું લાવવા માટે બાળકોને નિયમિત શાળાએ મોકલવા જોઈએ. કુલ 141(32%) સ્ત્રીઓ પ્રૌઢ શિક્ષણ સાથે સહમત થાય છે. તેઓના જણાવ્યા પ્રમાણે જો માતા-પિતા શિક્ષણનું મહત્વ સમજે અને પોતે પણ સાક્ષર બને તો ચોકકસથી તે પોતાના પાલ્યને શિક્ષિત કરશે જ. આ વર્ગ માટેની આવૃત્તિ સૌથી વધુ નોંધવામાં આવી છે જે દર્શાવે છે કે આ સમાજના વિકાસની શરૂઆતનું પ્રથમ સોપાન એ પ્રૌઢ શિક્ષણ અને સમાજ જાગૃક્તા છે. નીતિ નિયમ અને તેનું ઠોસ પણે પાલન થવું જોઈએ તેવા અભિગમ સાથે 84(19%) મહિલા કામદારો પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ તે સાથે સહમત થાય છે. આ પરથી કહી શકાય કે તેમના સમાજનો અમુક વર્ગ એવો પણ છે , જે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરતાં શિક્ષિત બને અને શિક્ષણકાર્ય તરફ આગળ વધે. કુલ સ્ત્રીઓમાંથી 106(25%) સ્ત્રીઓ એવો અભિગમ ધરાવે છે જેમાં તેઓ શિક્ષણના પર્યાપ્ત સાધનો અથવા વ્યવસ્થાને દોષિત ગણે છે. તેમના જણાવ્યા પ્રમાણે તેમના સમાજને વધુ સારી રીત શિક્ષણ આપવા માટે વધુમાં વધુ સંશાધનો અને જોગવાઇઓ ઊભી કરવી જોઈએ.

© RRIJM 2015, All Rights Reserved 

ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે આ સમાજમાં શિક્ષણની જરૂરિયાત ખૂબ ઊંચી છે. ઉપરોક્ત જો આ વર્ગની ચોક્કસ સાધનો પૂરી પાડી યોગ્ય નીતિ પૂર્વક આયોજિત કરી શિક્ષિત કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તેઓ શિક્ષિત બની શકે તેમ છે. તે માટેનું સૌથી પહેલું પગથિયું માતા-પિતા અને તે સમાજના યુવા વર્ગને પ્રૌઢ શિક્ષણ સાથે સાંકળવું જરૂરી બને છે.

**References**


૧) "ભારતીય સમાજ અને સમસ્યા" રામબિહારી તોમર શ્રી રામ મહેરા એન્ડ કંપની, આગ્રા
(૧૯૭૧):
૨) ગુજરાતનાં વિકસતા સમુદાયો આઝાદી પછીના સમય દરમિયાન અસ્પૃશ્યોની સ્થિતિમાં ફેરફાર ઉર્મિલા પટેલ(૧૯૫૦-૧૯૮૦)
૩) હિંદુસ્તાનની જ્ઞાતિ સંસ્થા૧૯૬૦ ક. ચ. પરીખ
૪) સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા કલ્પના શાહી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
૫) વર્ણ વ્યવસ્થાગાંધીજી બીજી આવૃત્તિ, ૧૯૫૬
૬) HindiSocietyatCrossroads, Panikker બીજી આવૃત્તિ, ૧૯૫૬
૭) અસ્પૃશ્યતા, ગાંધીજી બીજી આવૃત્તિ, ૧૯૬૧
૮) Caste,Classandoccupation, જી. એસ. ધૂર્પ, ૧૯૬૧
૯) ભારતીય સમાજ વ્યવસ્થા, ડો. તારાબેન પટેલ ત્રીજી આવૃત્તિ, ૧૯૬૫
૧૦) સામાજિક સમસ્યાઓ, હસમુખભાઈ પટેલ પ્રથમ આવૃત્તિ, ૧૯૬૫
૧૧) કલ્પેશ એસ. ભાટિયા (૨૦૦૧) ગ્રામીણ સમાજમાં અસ્પૃશ્યતાનો અભ્યાસ, ગુજરાત યુનિવર્સિટી અપ્રકાશિત એમ.ફિલ. લઘુ શોધ નિંબંધ
૧૨) મકવાણા દક્ષાબેન (૧૯૯૪-૯૫), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સફાઈ કામદાર
મહિલાઓનો અભ્યાસ ગુજરાત વિદ્યાપીઠ અપ્રકાશિત એમ. એસ. ડબલ્યુ, લઘુ શોધ નિંબંધ
૧૩) અમિત એમ. અંબાણી(૧૯૯૬-૯૭)
અમદાવાદમા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગટર કામદારોની સ્થિતિ અને વ્યાવસાયિક સ્વાસ્થ્યના પ્રશ્નો નો અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ અપ્રકાશિત એમ. એસ. ડબલ્યુ લઘુ શોધ નિંબંધ
૧૪) મીના બી. રાઠોડ (૨૦૦૦), અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં વસતા સફાઈ કામદારોનો સમાજ શાસ્ત્રીય અભ્યાસ, ગુજરાત યુનિવર્સિટી અપ્રકાશિત એમ. ફિલ. લઘુશોધ નિંબંધ
૧૫) એલિશ મોરિસ, ૧૯૯૭, વિચાર મેગેઝીન
૧૬)યોજના, માથે મેલુ ઉપાડવાની કલંકરૂપ પ્રથાની નાબૂદી માટે રાજકીય નિર્ધાર અનિવાર્ય ડો. અમ્રુત પટેલ, ૨૦૧૧


© RRIJM 2015, All Rights Reserved